# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-12-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોને દોઢ મહિનામાં એક હજાર 372 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવાઇ.
2) રાજ્ય સરકારે મહત્વની પરિયોજના સાથે સંકળાયેલા 142 કિલોમીટરના રસ્તાઓના રિસર્ફેસિંગ માટે 131 કરોડ રૂપિયા મંજૂર કર્યા.
3) **રાજ્યમંત્રી ભાનુબેન બાબરિયાએ ગાંધીનગર ખાતેથી "પોષણ ઉત્સવ"નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો.**
4) ચણાના ઊભા પાકમાં લીલી ઈયળના રોગને નિયંત્રિત કરવા ખેતી નિયામક કચેરીએ માર્ગદર્શિકા જાહેર કરી.
5) કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવમાં આજે મુક્તિ દિવસની ઉજવણી કરવામાં આવી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJARAT KHEDUT SAHAY

રાજ્યમાં જુલાઈથી સપ્ટેમ્બર મહિનામાં વરસાદના કારણે અસરગ્રસ્ત થયેલા ખેડૂતોને એક હજાર 732 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, 'બે રાહત પેકેજને મળી રાજ્યના 7 લાખ 15 હજારથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને એક હજાર 732 કરોડ રૂપિયાથી વધુની સહાય સીધા તેમના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવી છે.'

શ્રી પટેલે ઉમેર્યું, 'જુલાઈ મહિનામાં ભારે વરસાદના કારણે 20 અસરગ્રસ્ત જિલ્લાના ખેડૂતોને સહાય આપવા કૃષિ રાહત પેકેજ જાહેર કરાયું હતું. 30 ઑગસ્ટથી 30 સપ્ટેમ્બર સુધી કુલ 187 કરોડ 37 લાખ રૂપિયા અને 25 ઑક્ટોબરથી 10 નવેમ્બર સુધી મળેલી અરજીઓ પૈકી 5 લાખ 93 હજારથી વધુ ખેડૂતોને એક હજાર 184 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી હતી.

આમ, છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના 38 લાખ 98 હજારથી વધુ ખેડૂતોને 6 હજાર 204 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી હોવાનું પણ કૃષિમંત્રીએ ઉમેર્યું હતું.

# CM ROAD MANJURI

રાજ્ય સરકાર દ્વારા મહત્વની પરિયોજના સાથે સંકળાયેલા 142 કિલોમીટરના કુલ પાંચ જેટલા રસ્તાઓના રિસર્ફેસિંગ માટે 131 કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી છે.

સત્તાવાર યાદી મુજબ, 22.40 કિલોમીટરના પેથાપુર-નારદીપુર-ખેરવા માટે 27 કરોડ 75 લાખ રૂપિયા, 31.85 કિલોમીટરના જામનગર-લાલપુર-વેરાદ માટે 18 કરોડ 2 લાખ રૂપિયા, 24 કિલોમીટરના નડિયાદ-પેટલાદ-ખંભાત માટે 23 કરોડ 45 લાખ રૂપિયા, 20.45 કિલોમીટરના ચિખલી-ધરમપુર રસ્તા માટે 19 કરોડ 98 લાખ રૂપિયા અને 43.50 કિલોમીટરના ભુજ-મુન્દ્રા માટે 42 કરોડ 51 લાખ રૂપિયાની ફાળવણીને મંજૂરી આપવામાં આવી છે. ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ દ્વારા રાજ્યમાં હાથ ધરાઈ રહેલી મહત્વની પરિયોજના સાથે આ તમામ માર્ગ સંકળાયેલા છે.

# POSHAN UTSAV PRARAMBH

વિકસિત ભારતના નિર્માણમાં સશસ્ત મહિલા અને સ્વસ્થ બાળકની મહત્વની ભૂમિકા હોવાનું રાજ્યનાં મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ જણાવ્યું હતું. ગાંધીનગર ખાતેથી “પોષણ ઉત્સવ-2024”નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતાં શ્રીમતી બાબરિયાએ કહ્યું કે, ‘આ ઉત્સવ રાજ્યકક્ષા, ઝોનકક્ષા, તમામ જિલ્લા-મહાનગરપાલિકા કક્ષા, ઘટક અને સેજા એમ ચાર કક્ષાએ યોજાશે.

(બાઈટઃ ભાનુબેન બાબરિયા, મહિલા અને બાળવિકાસ મંત્રી)

**આ પ્રસંગે શ્રીમતી બાબરિયાનાં હસ્તે પ્રધાનમંત્રી જનજાતિ ન્યાય મહાઅભિયાન યોજના તથા સંકલિત બાળવિકાસ સેવા યોજના- ICDS અંતર્ગત આદિન જનજાતિ ધરાવતા વિસ્તારમાં નિર્માણ હેઠળના 57 આંગણવાડી કેન્દ્રો "નંદઘર" તથા ત્રણ ઘટક કચેરીનું ઈ-લોકાર્પણ અને ઈ-ભૂમિપૂજન પણ કરાયું હતું.**

# FARMER ID

કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કિસાન યોજનાની અરજી માટે પહેલી જાન્યુઆરી 2025થી ફાર્મર આઈડી ફરજિયાત કરવામાં આવી છે. હાલમાં ખેડૂતો gjfr.agristack.gov.in પૉર્ટલ પર જાતે નોંધણી કરાવે છે. આ નોંધણી માટે પહેલી જાન્યુઆરીથી અરજદાર માટે ફાર્મર રજીસ્ટ્રી હેઠળનું ફાર્મર આઈડી ફરજિયાત કરાયું છે.

ઉપરાંત ખેડૂતો વેબપોર્ટલ અથવા મૉબાઈલ એપ્લિકેશનથી જાતે અથવા કમ્પ્યુટર ઑપરેટરની મદદથી પણ અરજી કરી શકશે.

# KHEDA RAGHVJI PATEL

ખેડા જિલ્લામાં આણંદ કૃષિ વિશ્વ વિદ્યાલય ખાતે આજે કેબિનેટ મંત્રી રાઘવજી પટેલના હસ્તે ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાના ત્રણ ઉપ-કેન્દ્રોના નવા મકાનોનું ઈ-લોકાર્પણ કરાયું. 85 લાખ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થયેલા આ ઉપ-કેન્દ્રો રામોલ, હાથજ અને અરેરા ખાતે શરૂ કરાયા. આ

સાથે મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા પશુપાલન શિબિરનું પણ આયોજન કરાયું, જેમાં પશુપાલન કે.સી.સી. ધિરાણ અંગે ક્યુ.આર.કોડનું અનાવરણ કરાયું.

આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કરાયું. આ અંગે કેબિનેટ મંત્રી રાઘવજી પટેલે વધુ માહિતી આપી હતી.

**(બાઇટ- રાઘવજી પટેલ- કેબિનેટ મંત્રી)**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# VALSAD – DRUGS SEIZURE

વલસાડ જિલ્લામાં વિશેષ સંચાલન સમૂહ- SOGની ટુકડીએ સાડા ત્રણ કિલો માદક પદાર્થના જથ્થા સાથે વ્યક્તિની ધરપકડ કરી છે.

વલસાડ જિલ્લાના અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, SOGએ ગ્રીન પાર્કમાં આવેલા જિન્નતનગર વિસ્તારના એક ઘરમાં દરોડા પાડ્યા હતા. દરમિયાન દોઢ લાખ રૂપિયાથી વધુની રોકડ રકમ, માદક પદાર્થનો જથ્થો અને મોબાઈલ મળી કુલ 2 લાખ 16 હજારનો માલસામાન સાથે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી. તેની વધુ પૂછપરછ કરાતા આ કેસમાં સંડોવાયેલા અન્ય એક વ્યક્તિને વોન્ટેડ જાહેર કરી SOGએ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# KHEDUT MARGDARSHIKA

રાજ્યમાં ચણાના ઊભા પાકમાં લીલી ઈયળના રોગને નિયંત્રિત કરવા ખેતી નિયામક કચેરીએ માર્ગદર્શિકા જાહેર કરી છે. આ માર્ગદર્શિકા મુજબ, લીલી ઈયળના ભૌતિક નિયંત્રણ માટે પાક ઉગ્યા બાદ પાંચ દિવસે હેક્ટરદીઠ 20 ફેરોમેન ટ્રેપ છોડથી એક ફૂટ ઊંચાઇએ ગોઠવવા તથા ફેરોમેન ટ્રેપની લ્યૂર દર 21 દિવસે બદલવાની સલાહ અપાઈ છે. ઉપરાંત ખેતરમાં વીઘાંદીઠ એક પ્રકાશ પિંજર ગોઠવવા અથવા જ્યાં લાઈટની વ્યવસ્થા થઈ શકે ત્યાં વિદ્યુત ગોળો ગોઠવી તેની નીચે પાણી ભરેલ ટ્રે ગોઠવી તેમાં કોઇપણ જંતુનાશક એકથી 2 ટીપાં નાખવા અનુરોધ કરાયો છે.

ખેડૂતોએ વધુ જાણકારી માટે ગ્રામસેવક અથવા ખેતી નિયામકની કચેરીનો સંપર્ક કરી શકે છે.

# MAHISAGAR RAKTPITT

રાષ્ટ્રીય રક્તપિત્ત નાબૂદી કાર્યક્રમ અંતર્ગત મહીસાગર જિલ્લાના લુણાવાડા શહેરી વિસ્તારમાં રક્તપિત્તના કેસને શોધવા 21 ડિસેમ્બર સુધી અભિયાન હાથ ધરાશે. લેપ્રસી અધિકારી તેમજ આયૂષ આરોગ્ય અધિકારી, આરોગ્ય ટુકડી દ્વારા ઘરે-ઘરે જઈ રક્તપિત્તના દર્દીઓને શોધી તેમની સારવાર શરૂ કરવામાં આવી રહી છે. આ અંગે જિલ્લાના લેપ્રસી અધિકારી ડો રવિ શેઠે વધુ માહિતી આપી હતી.

**(બાઇટ- ડો. રવિ શેઠ- લેપ્રસી અધિકારી)**

# DIV MUKTI DIVAS

કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવનો આજે મુક્તિ દિવસ છે. દીવમાં શહીદ સ્મારક ખાતે આજે આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અંગે સાંભળીએ દીવનાં અમારાં પ્રતિનિધિ ભારતી રાવલનો એક અહેવાલ.

**(વોઇસ કાસ્ટ- ભારતી રાવલ- પ્રતિનિધિ-દીવ)**

# KERALA PATRAKAR PRATINIDHI MANDAL

**રાજ્યનાં પ્રવાસે આવેલા કેરળનાં મહિલા પત્રકાર પ્રતિનિધિ મંડળે આજે ગાંધીનગરના ગિફ્ટ સિટીની મુલાકાત લીધી. બ્રિગેડ આંતર-રાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર BIFC ખાતે તેમણે ગિફ્ટ-નિફ્ટી અંગેનું પ્રેઝન્ટેશન નીહાળ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રેસ માહિતી કાર્યાલય- PIBનાં નાયબ નિયામક**

આરોહી પટેલ,ઈન્દ્રવદનસિંહ ઝાલા સહિત PIBનાં અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.